Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# સમાજ સુધારક તરીકે ગાંધીજી

MISTRI SHITALBEN BABULAL

Ph.D SCHOLAR, H.N.G.U.PATAN, DEPARTMENT OF SANSKRIT

ગાંધીજી એક મહાન સમાજ સુધારક હતા. તેમણે ભારતીય સમાજમાં ફેલાયેલી અસ્પૃશ્યતા, બાળ વિવાહ, વિધવા સ્ત્રીઓની દુર્દશા, કન્યાઓને શિક્ષણનો ઇનકાર વગેરે જેવી ઘણી બાબતોનો સખત વિરોધ કર્યો હતો. તેમણે સમાજને કહ્યું હતુકે આ બદીઓએ હિન્દુ સમાજને જર્જરિત કરી દીધો છે. અનૈતિક્તા અને ભ્રષ્ટાચાર ભારતીય સમાજને અંદરથી ઉઠાવી રહ્યો હતો, તો બીજી બાજુ ધર્મના ઠેકેદાર બની ફરતા સમાજના આગેવાનો અંધશ્રદ્ધામાં ફસાયેલા હતા. આવા પ્રતિકૂલ સંજોગોમાં, એક મહેનતુ અને વ્યવહારુ રાજકારણીની જેમ, ગાંધીજીએ સમગ્ર દેશનું ધ્યાન સામાજિક, રાજકીય અને આર્થિક સમસ્યાઓનો સમન્વય કરીને તેમણે યોગ્ય દિશામાં વાળવાનો પ્રયાસ કર્યો છે. તેમના સામાજિક વિચારો તેમના વિચારને સામાજિક આધાર પૂરો પાડે છે.

ગાંધીજી માત્ર સમાજ સુધારક કે સૈદ્ધાંતિક ચિંતક જ ન હતા પરંતુ કર્મયોગી અને વ્યવહારુ રાજકરણી હતા. તેમના વિચારોમાં અર્થશાસ્ત્ર, વ્યક્તિવાદ, સમાજવાદ અને આદર્શવાદની ઝલક વધું પ્રમાણમાં જોવા મળે છે. તેમની વિચારસરણીને સમજવા માટે તેમના સામાજિક વિચારોનો અભ્યાસ કરવો અત્યંત જરૂરી છે જે તેમની વિચારસરણીનો સામાજિક આધાર પૂરો પાડે છે. ટોલ્સટોયના મતાનુસાર ‘દરેક માણસે તેના રોજિંદા ખોરાક માટે જાતે જ મજૂરી કરવી જોઈએ.’ તેમના તે વિચારે ગાંધીજીને ખુબજ પ્રભાવિત કરેલા. આધુનિક ભારતમાં સવર્ણ વર્ગના સામાજિક અને રાજકીય સુધારકોમાં ગાંધીજી એકમાત્ર એવા વ્યક્તિ હતા કે જેઓ અસ્પૃશ્યતાને હિન્દુ ધર્મ પરનું કલંક માનતા હતા. પરંતુ આ ઊંચ-નીચની દીવાલને તેઓ દૂર કરવા માંગતા હતા. તેમની માન્યતા મુજબ અસ્પૃશ્યતા એક માથાવાળો રાક્ષશ હતો. તેમનું માનવું હતું કે અસ્પૃશ્યતા હિન્દુ ધર્મના સુંદર બગીચામાં ઊગતા અનિચ્છનીય નિંદણ જેવી છે, જે એવી રીતે ફેલાઈ રહી છે કે તે આ બગીચાની અંદરના ફૂલોને સુકાઈ જવાની ધમકી આપે છે. વાસ્તવમાં ગાંધીજી અત્યંત દયનીય સ્થિતિ માટે સ્વર્ણ હિન્દુઓને દોષી ઠેરવતા હતા. તેથીજ તેઓ કહેતા હતા કે ‘સ્વર્ણ હિન્દુઓએ હિન્દુ ધર્મના નામે નીચી જાતિઓ પર અત્યંત જુલમ ગુજાર્યો છે જે રીતે સામ્રાજ્યવાદી સરકાર ચલાવે છે, અમારા પર. તેથીજ તેમણે સ્પષ્ટ કહ્યું છે કે હું અસ્પૃશ્યોને સમર્થન આપું છું કારણકે અમે એમની સાથે ઘોર અન્યાય કર્યો છે.

ગાંધીજી અસ્પૃશ્યતાને ભારતીય સમાજનો સૌથી મોટો રક્તપિત્ત માનતા હતા. તેમણે કહ્યું કે દરેક ભારતીયે તેને સામાજિક કલંક ગણીને તેને દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. તેની પાછળ પણ

ગાંધીજી આધ્યાત્મિક તત્વને મૂળ માને છે. ગીતા તથા વેદાંતમાં કહેવામાં આવ્યું છે કે તમામ જીવો અને મનુષ્યોમાં એક જ આત્માનો અંશ છે. તેથી, બધાને સમાન દરજ્જો આપ્યા વિના, જીવનમાં ન તો અહિંસાનો સંપૂર્ણ અવતાર થશે અને ન તો સામાજિક પ્રગતિ શક્ય બનશે. બધાજ મનુષ્યો એક જ ઈશ્વરના સંતાનો છે, તેથી તેમના ‘માણસ’ને અસ્પૃશ્યતાનો સિદ્ધાંત તેના પર ભાર મૂકે છે. ગાંધીજી પ્રાચીન ભારતીય જીવનશૈલીમાં જાતિ પ્રથાને આદર્શ માનતા હતા. તેમણે કહ્યું કે અસ્પૃશ્યતા દૂર કરવાનો અર્થ ઉંચ-નીચનો ભેદન હોવો જોઈએ. વૈવાહિક તથા સામાજિક સંબંધો પર કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ ન હોવો જોઈએ. જાતિ પ્રથાનો અંત આવવો જોઈએ અને પછી આપણો સમાજ પ્રાચીન વર્ણ પ્રથાનું સ્થાન લેશે. ગાંધીજી કહે છે કે વાસ્તવમાં આજે વર્ણોનું શ્રેષ્ઠ સ્વરૂપ માત્ર હિન્દુઓ માટે જ નહીં, સમગ્ર માનવતા માટે છે. તેઓ વર્ણ નિયમની વ્યાખ્યા આપતા કહે હકે કે— ‘વર્ણનો નિયમ એ છે કે દરેક માનાવીએ તેના પૂર્વજોના ધર્મનું પાલન કરવું જોઈએ.’ જોકે વર્ણ જન્મથીજ નક્કી થાય છે પરંતુ તેનું રક્ષણ કર્તવ્ય નિભાવવાથી થાય છે. જેમકે બ્રાહ્મણનો પુત્ર બ્રાહ્મણ જ કહેવાય છે, પરંતુ પુખ્ત વયે જો તેનામાં તેના ગુણો પ્રગટન થાય તો તેને બ્રાહ્મણ કહેવાય નહીં. બીજી બાજુ જે વ્યક્તિ જન્મથી બ્રાહ્મણ નથી, પરંતુ તેના વર્તનમાં બ્રાહ્મણના ગુણો રહેલા હોય તો તે બ્રાહ્મણન હોવા છતાં પણ બ્રાહ્મણ જ છે. જે કે તે બ્રાહ્મણન હોવાનો ઇન્કાર કરી શકે. ગાંધીજીનું આમાં એવું કહેવું છે કે આ નિયમોનું પાલન સ્વાભાવિક રીતે જ થવું જોઈએ. અને તેમાં કોઈ પણ જાતની કોઈ પ્રતિષ્ઠા કે શરમનો જરા પણ વિચાર ન હોવો જોઈએ. આ નિયમનો અર્થ એ પણ છે કે ધંધામાં કોઈ ઊંચું કે નીચું નથી હોતું, બધા સમાન જ હોવા જોઈએ અને તે મિલકતનો ઉપયોગ સંન્યાસીની જેમ સમાજના ભલા માટે કરવો જોઈએ. તેથી વર્ણ શાસનમાં અસ્પૃશ્યતા જેવા રક્તપિત્તને જરા પણ અવકાશ નથી. ગાંધીજી અસ્પૃશ્યતાને મહાન પાપ માનતા હતા અને તેને લોક્ષાહીની ભાવના વિરુદ્ધ માનતા હતા. તેઓ માને છે કે માનવ શ્રમના મહત્વના ઉલ્લંઘનની સાથે તે ઘણી આર્થિક સમસ્યાઓને પણ જન્મ આપે છે. અસ્પૃશ્ય સમાજનો નબળો અને ગરીબ ભાગ છે અને તેઓ ઝૂંપડપટ્ટીમાંરહે છે અને અનેક પ્રકારના રોગોથી ઘેરાયેલા રહે છે. તેમના માટે રોજગારના સાધનો પણ મર્યાદિત હોય છે. અસ્પૃશ્યતા પર તેમણે કહ્યું છે કે “અસ્પૃશ્યતા નાબૂદી એ હિન્દુઓ માટે એક તપ છે. જેની જરૂર છે તે અસ્પૃશ્યોના શુદ્ધિકરણની નથી, પરંતુ કહેવાતી ઉચ્ચ જાતિઓના શુદ્ધિકરણની છે.”તેવા કોઈ અનિષ્ટ નથી કે જે માત્ર અસ્પૃશ્યો માટે જ હોય. આપણાં અભિમાને આપણને આપણી પોતાની ખરાબીઓ પ્રત્યે આંધળા કરી દીધા છે. તથા આપણે આપણાં દલિત ભાઇઓની નિંદા તથા તેમની બૂરાઈઓને અતિશયોક્તિ કરીએ છીએ જેમને આપણે કચડીને ગુલામ બનાવ્યા છે.

ગાંધીજી અહિંસક પદ્ધતિ દ્વારા ભારતીય સમાજમાંથી અસ્પૃશ્યતાને સંપૂર્ણપણે નાબૂદ કરવા માંગતા હતા.

ભારતીય સમાજમાં સામાજિક, આર્થિક અને રાજકીય અસમાનતાના અંતરને સમાપ્ત કરીને સમાનતા લાવવા માંગે છે. તેમનું કહેવું છે કે સામાજિક ઉત્થાનનું કામ નીચલા સ્તરથી શરૂ થવું જોઈએ. ગાંધીજીના મતે અસ્પૃશ્ય જાતિઓનો મંદિરમાં પ્રવેશ એ ઉચ્ચ જાતિના સ્વ-પરીવર્તન અને દલિતોના સામાજિક અને સાંસ્કૃતિક ઉત્થાનનો અસરકારક માર્ગ હતો. તેમનું માનવું હતું કે મંદિર પ્રવેશ એ આધ્યાત્મિક વસ્તુ છે, જેના દ્વારા તમામ ઉત્થાન શક્ય છે. તેઓ સવર્ણો અને દલિતો વચ્ચે સામાજિક અને સાંસ્કૃતિક સમાનતા લાવવાના ઉદ્દેશ્ય સાથે મંદિર પ્રવેશ વિશે વાત કરતાં હતા. તેમણે અસ્પૃશ્યતાને હિન્દુ ધર્મ પર એક ભયંકર રક્તપિત્ત અને કાળો ડાઘ ગણાવ્યો અને તેનાથી છૂટકારો મેળવવા ઉપવાસ પણ કર્યા. તેમણે અસ્પૃશ્યોને ‘હરીજન’ નામ આપ્યું અને હરિજનોને તેમણે સામાજિક સુધારણાના કાર્યક્રમના મુખ્ય વડા બનાવ્યા. ગાંધીજીના વિચારોમાં કોમી એકતા અને સૌહાર્દનું મહત્વનુ સ્થાન રહેલું જોવા મળે છે. તેમના માટે, ‘હિન્દુ-મુસ્લિમ’ એકતાનો અર્થ માત્ર હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે એકતા નથી, પરંતુ તે બધા લોકો વચ્ચે એકતા છે જેઓ ભારતને પોતાનું ઘર માને છે, પછી તે ભલે કોઈપણ સંપ્રદાયના હોય. હિન્દુ ધર્મની સાથે ગાંધીજીએ ઇસ્લામનો પણ ખુબજ ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમણે લખ્યું છે કે તે એવા ધર્મના અનુયાયી છે જે તમામ ધર્મોને સાચા માને છે. તેથી તે દાવો કરી શકે કે તે ખ્રિસ્તી છે, બૌદ્ધ છે, મુસ્લિમ છે અને પારસી પણ છે. તેમણે સાંપ્રદાયિક એકતાને માત્ર ઐતિહાસિક જરૂરિયાત જ નહીં પરંતુ સામાજિક જરૂરિયાત તરીકે ગણી હતી. તેમણે અહિંસાને આ એકતા પ્રાપ્ત કરવાનો માર્ગ અને સર્વોદયને તેનું લક્ષ્ય ગણાવ્યું. કોમી એકતા માટે ગાંધીજીનો અભિગમ ધાર્મિક અને આધ્યાત્મિક હતો. તેમનું માનવું હતું કે તમામ ધર્મોમાં સત્યનું કોઈ ને કોઈ તત્વ હોય જ છે. બધા ધર્મો ઈશ્વર સુધી પહોચવાના અલગ-અલગ માર્ગો જ છે, બધા ધર્મોમાં નૈતિક અને આધ્યાત્મિક સિદ્ધાંતો છે. આથી કોઈપણ ધર્મ બીજા કોઈ ધર્મ કરતાં ચડિયાતો નથી. દરેક વ્યક્તિએ બધાજ ધર્મોનો આદર કરવો જોઈએ. સાંપ્રદાયિક સમસ્યાનો ઉકેલ ત્યારેજ શક્ય બને છે જ્યારે દરેક વ્યક્તિ પોતાના શ્રેષ્ઠ ધર્મનું પાલન કરવાની સાથે અન્ય ધર્મો અને તેમના અનુયાયીઓને યોગ્ય સન્માન આપે.

ગાંધીજી કોઈ એક જાતિ કે ધર્મમાં માનતા નથી, પરંતુ તેઓ ‘સર્વ ધર્મ સમભાવ’માં વિશ્વાસ ધરાવતા હતા. તેમનું એવું માનવું છે કે માનવતાનું મૂળ એ તમામ ધર્મો છે, તથા તમામ ધર્મોનું મૂળ એ સિદ્ધાંતોમાં રહેલું છે. કેમકે બધા ધર્મો એવો ઉપદેશ આપે છે કે વિશ્વના તમામ મનુષ્યો ભાઈઓ છે તથા તે બધા જ ભાઈઓ છે. આ તમામ ધર્મોએ તેમના સિદ્ધાંતોમાં ક્ષમાને સૌથી મોટો દરજ્જો આપ્યો છે. બધાજ ધર્મો દુષ્ટતાનો બદલો સારાથી આપવાનો માર્ગ સૂચવે છે. જ્યાં એક તરફ ગાંધીજીએ હિન્દુ ગ્રંથો વેદ, ઉપનિષદ, પુરાણ અને ગીતા વગેરેનો અભ્યાસ કર્યો, તો બીજી તરફ તેમણે કુરાન અને પયગંબરના જીવનચરિત્રો નો પણ

અભ્યાસ કર્યો. આ ઉપરાંત તેમણે બાઇબલ, બૌદ્ધધર્મ, જૈનધર્મ, પારસીધર્મનો પણ અભ્યાસ કર્યો હતો. આ બધાજ ધર્મોના અભ્યાસથી તેમણે ક્યાલ આવ્યો કે આ બધાજ ધર્મોનું મૂળ એકતા છે. હિન્દુ-મુસ્લિમ એકતા જાળવી રાખવા માટે તેમણે ધર્મના આધારે ભારતના ભાગલાનો વિરોધ કર્યો હતો. 15 ઓગસ્ટ 1947ના દિવસે મોટા ભાગે જ્યારે ભારત પોતાનો પ્રથમ સ્વતંત્રતા દિવસ આનંદ સાથે ઉજવી રહ્યો હતો ત્યારે ઉદાસીમાં ડૂબેલા ગાંધીજી લોકોને સાંત્વના આપતા બંગાળમાં પગપાળા ગયા. દેશના વિભાજનને ‘આધ્યાત્મિક અકસ્માત’ ગણાવીને તેમણે સ્વતંત્રતા સમારોહમાં ભાગ લેવાનો ઇનકાર કર્યો હતો. તેઓ કહેતા હતા કે આપણી સ્વતંત્રતા ત્યારે જ પૂર્ણ થશે જ્યારે જાતિ, પદ કે ધર્મના ભેદભાવ વિના સમાજના ઉચ્ચ વર્ગના લોકોને જેટલો અધિકાર છે તેટલોજ અધિકાર ખેડૂતો, જમીનદાર જેટલી જમીન વિનાના ખેડૂતોને, જેટલો અધિકાર જૈનોને છે તેટલો જ અધિકાર ખ્રિસ્તીઓને પણ હોવો જોઈએ. ગાંધીજીએ તેમનું સમગ્ર જીવન કોમી એકતા માટે સમર્પિત કર્યું હતું. તેઓ ધર્મના માધ્યમથી રાજનીતિને શુદ્ધ કરીને હિન્દુ-મુસ્લિમ વચ્ચેની ખાઈ ઘટાડવાનો પૂરો પ્રયાસ કર્યો. પરંતુ આ બધુ હોવા છતાં પણ ધર્મના નામે ભારતનું વિભાજન થયું. તેના પરિણામે આજે પણ ભારતમાં ધાર્મિક કટ્ટરતા અને કોમવાદ છે સમાજ ધર્મના આધારે વિભાજિત છે. તેઓ ભારતીય ભૂમિ પર સૈદ્ધાંતિક અને વ્યાવહારિક બંને સ્વરૂપે હિન્દુ-મુસ્લિમ એકતાને અનિવાર્ય માનતા હતા અને તેઓ તેમના જીવનની અંતિમ ક્ષણ સુધી આ કાર્યમાં વ્યસ્ત રહ્યા હતા.

ગાંધીજી દારૂબંધીના સંપૂર્ણ સમર્થક હતા. તેમનું માનવું હતું કે નશો કરવો અને કરાવવો એ ભયંકર દુષ્ટતા છે. તેમના મતે એક શરાબી અને ચોર એક જ કોઠાડીના કોગ છે, કેમકે જ્યાં ચોર માત્ર સંપત્તિ અને સંપત્તિની ચોરી કરે છે, ત્યાં શરાબી માત્ર તેની સંપત્તિ જ નહીં પણ તેના અને તેના પડોશીના સન્માનને પણ ઝોખમમાં મૂકે છે. કેમ કે પીવાથી શરીર તથા આત્મા બંનેને મોટું નુકસાન થાય છે. તેથી તે વ્યક્તિ તથા સમાજ બંને મતે હાનિકારક છે. તેમનું માનવું હતું કે આવા પદાર્થોનું સેવન એ લોકોના ચારિત્રને મોટું નુકસાન પહોચાડે છે. આવા નશાના કારણે લોકો પોતાના ઘરની આવક બગાડે છે, પરિણામે ઘરની સુખ-શાંતિ પણ બરબાદ થઈ જાય છે. 1929માં તેમણે આ વિષય પર કહ્યું હતું કે જે રાષ્ટ્રના લોકો દારૂ પીવાના વ્યાસની હોય છે તેનો વિનાશ સિવાય કોઈ ભવિષ્ય નથી. ઇતિહાસ એ વાતનો સાક્ષી છે કે આ ખરાબ આદતે સામ્રાજ્યનો નાશ કર્યો છે. આ દુષ્ટતાએ રોમનું પતન કર્યું. અને એટલા મતે જો તમારે સન્માન અને ખુશીથી જીવન જીવવું હોય તો આ આદતને સમયસર છોડી દેવી પડશે. દારૂના આ દૂષણોને કારણે તેમણે સમગ્ર ભારતમાં દારૂબંધીને સમર્થન આપ્યું હતું.

આ ઉપરાંત ગાંધીજી ભારતીય સમાજમાં મહિલાઓની દુર્દશાથી ખુબજ દુ:ખી હતા. તેમણે એ દલીલ સ્વીકારી ન હતી કે સ્ત્રીઓ બુદ્ધિ અને ક્ષમતામાં પુરુષો કરતાં કોઈક રીતે ઓછી છે. ઈતિહાસને

સાક્ષી માનતા તેઓ કહે છે કે પ્રાચીન ભારતમાં સ્ત્રીઓ જીવનના અનેક ક્ષેત્રોમાં પુરુષો કરતાં આગળ હતી અને તેઓએ સામાજિક જીવનમાં પોતાનો ઉછેર કર્યો. સ્ત્રી એ આત્મ-બલિદાનનું મૂર્ત સ્વરૂપ છે અને સ્ત્રી અને પુરુષને સમાન દરજ્જો છે. ગાંધીજીના શબ્દોમાં સ્ત્રીઓ અને પુરુષો એકબીજાના પૂરક છે અને પોતપોતાની જોડી બનાવે છે. તેઓ કહે છે કે મહિલાઓને સમાજમાં પુરુષો જેટલોજ સમાન દરજ્જો મળવો જોઈએ કારણકે તેઓ બુદ્ધિમત્તાની દ્રષ્ટિએ કોઈપણ રીતે પુરુષોથી ઓછી નથી. અને તેથી તેઓ સમાજમાં પણ મહત્વની જવાબદારી જ સંભાળે છે. તેમના મતે સ્ત્રીઓ સમાન માનસિક શક્તિવાળા પુરુષોની ભાગીદાર બને છે. તેથી માનવ જીવનમાં તેમણે સમાન અધિકારો જોઈએ અને તેમણે પણ પુરુષોની જેમ સ્વતંત્રતાનો ઉપયોગ કરવાની છૂટ હોવી જોઈએ. ગાંધીજી કહેતા હતા કે સ્ત્રીઓ તેમના ઘરની અંદર પુરુષો સાથે અવ્યવસ્થિત અને જોડાયેલ વસ્તુની જેમ રહે છે.અને તેમનો મોટાભાગનો સમય તેમના પતિની ખુશીઓ પૂરી કરવામાં પસાર થાય છે. તેઓ સ્ત્રીઓની આ ઘરેલુ ગુલામીને અશ્લીલતાનું પ્રતિક કહેતા હતા. તેમણે મહિલાઓને પુરુષોની સમાન ઊભા રહેવાની ભારપૂર્વક અપીલ કરી. તેઓએ પોતાના ઇન્દ્રિય આનંદ પૂરા કરવા મતે મશીન બનીને માણસોના હાથમાં રમવું જોઈએ. તેમના શબ્દોમાં સ્ત્રી પુરુષને જન્મ આપે છે, તે તેના માંસ અને હાડકામાંથી તેનું માંસ અને હાડકાં મેળવે છે. એટલા મતે તમે તમારા પગ પર ઊભા રહો અને વિશ્વને તમારો સંદેશો આપો. મહિલાઓને સંબોધતા 1931માં ગાંધીજીએ 'યંગ ઈન્ડિયા'માં લખ્યું હતું કે ભારતનું ભવિષ્ય તમારા પગ પર છે, કારણકે તમે ભાવિ પેઢીનો વિકાસ છો.

ગાંધીજી બાળલગ્નની પ્રથાનો પણ વિરોધ કરી તેને બંધ કરી હતી. સ્ત્રીઓ અને હિન્દુ સમાજ માટે એક મહાન શાપ ગણાવી બાળલગ્નને તેઓ એક કલંક માનતા હતા. જ્યારે શારદા કાયદામાં લગ્નની ઉંમર વધારીને 14વર્ષની  દરખાસ્ત કરવામાં આવી ત્યારે ગાંધીજીને લાગ્યું કે આ મર્યાદા વધારીને 16 કે 18 વર્ષની કરવી જોઈએ. જે માતા-પિતાએ પોતાની દીકરીને નાની ઉંમરે પરણાવી દેવાની ભૂલ કરી છે, તેમના માટે ગાંધીજીએ આગ્રહ કર્યો હતો કે જો તેમની દીકરી બાળવિધવા બને તો તેના ફરીથી લગ્ન કરવા જોઈએ. તેમણે કહ્યું કે સ્વેચ્છાએ વિધવા બનવું એ હિન્દુ ધર્મની અમુલ્ય ભેટ છે. પરંતુ બળજબરીએ અભિશાપ છે. મને લાગે છે કે જો તેમણે બળજબરીથી રોકવામાં ન આવે અને હિન્દુ અભિપ્રાયોનો કોઈ કોઈપણ ડર ન હોય, તો ઘણી વિધવાઓ કોઈપણ જાતના ખચકાટ વિના ફરીથી લગ્ન કરી શકે છે. તે અસંગત લગ્નની વિરુદ્ધ હતો. ઉદાહરણ તરીકે –' એક યુવાન સ્ત્રી સાથે વૃદ્ધ માણસના લગ્ન.' ગાંધીજીએ માત્ર મહિલાઓની સામાજિક અને આર્થિક સ્વતંત્રતા જ નહીં પરંતુ તેમની રાજકીય સ્વતંત્રતાની પણ હિમાયત કરી હતી. તેઓ મહિલાઓના મતાધિકારના પ્રબળ સમર્થક હતા. તેમણે કહ્યું કે મહિલાઓએ રાજકારણમાં પુરુષોની જેમ મતદાનના અધિકારની સાથે સમાન રીતે ભાગ લેવો જોઈએ.  તે એવા કાયદાઓને

રદ કરવાની તરફેણમાં હતા કે જે મહિલાઓને સમાન દરજ્જો આપવાની વિરુદ્ધ હતા. મહિલા સશક્તિકરણ માટે તેમણે કરેલા પ્રયાસોને નકારી શકાય તેમ નથી.

ગાંધીજી માતૃભાષા દ્વારા શિક્ષનના સમર્થક હતા. તેમણે કહ્યું કે ભારતમાં અંગ્રેજ શાસકો દ્વારા ચલાવવામાં આવતી શિક્ષણ પ્રણાલી યુવાનોને દેશની સંસ્કૃતિથી દૂર લઈ જઈ રહી છે અને તેના કારણે તેમનો દ્રષ્ટિકોણ વિદેશી બની ગયો છે. તેઓ પોતાની જાતને સામાન્ય માણસથી અલગ માણવા લાગ્યા છે તેઓને 'બાબુ' હોવાની ગંધ આવે છે અને તેઓ મજૂરીને નફરતથી જુવે છે. તેથીજ ગાંધીજી અંગ્રેજી શિક્ષણ પ્રણાલીના વિકલ્પ તરીકે 'મૂળભૂત શિક્ષણ'ની તેમની યોજના રજૂ કરી. મૂળભૂત શિક્ષણ દ્વારા વ્યક્તિને આત્મનિર્ભર બનાવવાની સાથે-સાથે ગાંધીજી નૈતિક મૂલ્યો પણ શીખવે છે જેથી વ્યક્તિ યોગ્ય રીતે વર્તે. આનાથી લોકો આત્મનિર્ભર બનશે અને બેરોજગારી જેવા ભયનાક રોગમાંથી પણ છુટકારો મેળવી શકશે.

આમ, આ બધાના અભ્યાસ પછી એ સ્પષ્ટ થાય છે કે ગાંધીજીના સામાજિક વિચારોએ તેમના વિચારને સામાજિક આધાર પૂરો પડ્યો હતો. તેમણે માત્ર રાજકીય ક્ષેત્રે જ ઊંડો બદલાવ લાવ્યો ન હતો, પરંતુ જીવનની વ્યાપક સમજને કારણે સામાજિક, ઔધ્યોગિક અને આર્થિક વગેરે તમામ ક્ષેત્રોમાં એક ક્રાંતિ લાવી હતી. તેમણે સ્ત્રીઓને જાગૃત કરી, સામાજિક દૂષણોનો નાશ કર્યો અને અસ્પૃશ્યો અને પીડિતોને ખાતરી આપી. તેમણે ખેડૂતોને વ્યક્તિત્વની ભાવનાથી જોયા, ઘણા ગૃહ-ઉદ્યોગોને બચાવ્યા અને ઘણી સ્વદેશી કળાઓને પુનર્જીવિત કરી. આચાર્ય કૃપાલાનીએ ગાંધીજી વિષે લખ્યું છે કે – સત્ય, અહિંસા અને સાધનાની શુદ્ધતા દ્વારા રાજકારણનું આધ્યાત્મિકરણ કરીને સત્યાગ્રહ દ્વારા અન્યાય અને નિરંકુશતાનો સામનો કરીને અને તેમના રચનાત્મક કાર્યક્રમો દ્વારા ગાંધીજીએ સામાજિક, રાજકીય અને આર્થિક જીવનનો સરવાળો અને સંપૂર્ણતા પ્રાપ્ત કરી, તેમણે ન્યાય તથા સમાનતા પર આધારિત સમાજનો પાયો નાખીને વિશ્વમાં શાંતિનો માર્ગ મોકળો કર્યો.

**<u>સંદર્ભ સૂચિ:</u>**

1. મનોજ સિંહ (સંપાદિત) ગાંધી અધ્યયન, ઓરિયન્ટ બ્લેકસ્વાન, નવી દિલ્હી, 2011, પૃ. 165

2. એજન. પૃ. 133

3. અનિલ દત્ત મિશ્રા, ગાંધી એ સ્ટડી પિયર્સન પબ્લીશર્સ, દિલ્હી, 2012 પૃ. 228

4. એસ.આર.બક્ષી, ગાંધી અને સત્યાગ્રહની તેમની તકનીકો, સ્ટર્લિંગ પબ્લીશર્સ પ્રા.લિ. નવી દિલ્હી, 1987, પૃ.71-77.

5. અનિલ દત્ત મિશ્રા, ગાંધી એ સ્ટડી પિયર્સન પબ્લીશર્સ, દિલ્હી, 2012 પૃ.237.

6. એમ.કે. ગાંધી, ધ વે ટુ કોમ્યુનલ હાર્મની, યુ.આર.રાવ, સંકલિત અને સંપાદિત, નવજીવન પબ્લિશિંગ હાઉસ, અમદાવાદ,1983, પૃ.8.